અનુસૂચિત જાતિની આદર્શ નિવાસી શાળાઓમાં વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને ગણવેશ સહાય આપવા બાબત

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક: અજાક/૧૦૨૦૨૧/૫૧૧૪૬૨/ન.બા.૧૩/ગ

સચિવાલય, ગાંધીનગર

તા.૦૭/૦૪/૨૦૨૨

વંચાણે લીધા:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક: અજાક/૧૦૨૦૧૧/૧૧૯/ગ તા.૦૪/૦૪/૨૦૧૧

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક: અનશ/૧૦૧૭/૭૨૧૩૪(ન.બા.-૧૭)/ગ તા.૦૯/૦૪/૨૦૧૮

(3) નિયામકશ્રી(અજાક)નો પત્ર ક્રમાંક:અજાક/ગ-૧/૧/૨૦૨૧/૧૦૬૩-૬૪, ૩૧/૦૧/૨૦૨૨

આમુખ:

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકની આદર્શ નિવાસી શાળાઓમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓને રહેવા, જમવા અને અભ્યાસ માટેની સુવિધા આપવામાં આવે છે. વંચાણે લીધેલ ક્રમાંક:(૧) પરના તા.૦૪/૦૪/૨૦૧૧ના ઠરાવથી અનુસૂચિત જાતિની આદર્શ નિવાસી શાળાઓમાં વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓને રૂ.૩૦૦/-ની મર્યાદામાં ગણવેશ સહાય આપવાનું ઠરાવવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક:(૨) પરના તા.૦૯/૦૪/૨૦૧૮ના ઠરાવથી ઉક્ત સહાયમાં રૂ.૩૦૦/-નો વધારો કરી રૂ.૬૦૦/-ની મર્યાદામાં ગણવેશ સહાય આપવાનું ઠરાવવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક:(૩) પરના તા.૩૧/૦૧/૨૦૨૨ના પત્રથી અનુસૂચિત જાતિની આદર્શ નિવાસી શાળાઓમાં વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓને આપવામાં આવતી રૂ.૬૦૦/-ની સહાયમાં રૂ.૩૦૦/-નો વધારો કરી રૂ.૯૦૦/-ની મર્યાદામાં ગણવેશ સહાય આપવા બાબતની રૂ.૧૨.૦૦ લાખની નવી બાબતને નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં સમાવેશ કરીને વહીવટી મંજૂરી આપવા માટે દરખાસ્ત કરવામાં આવેલ છે. જેનો નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં ચાલુ બાબત તરીકે સમાવેશ કરવામાં આવેલ છે. જેને વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે, નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકની આદર્શ નિવાસી શાળાઓમાં વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓને આપવામાં આવતી રૂ.૬૦૦/-ની સહાયમાં રૂ.૩૦૦/-નો વધારો કરી રૂ.૯૦૦/-ની મર્યાદામાં ગણવેશ સહાય આપવા બાબતની રૂ.૧૨.૦૦ લાખની ચાલુ બાબતને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૨૨-૨૩ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(3) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખતના લાગુ પડતા ઠરાવો/પરીપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિંધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં મંજૂર થયેલ નવી બાબત/રજૂ કરેલ વ્યક્તિગત લાભને લગત હોય તેવી નવી બાબત જે ચાલુ બાબત તરીકે અંદાજપત્રમાં સમાવવાની શરતે મંજૂર કરવામાં આવેલ હોઈ, તે યોજનાઓ પૈકી શૈક્ષણિક પ્રવૃતિઓ સાથે સંકળાયેલ બાબતોની અમલવારી નવા શૈક્ષણિક સત્ર ચાલુ થયેથી કરવાની રહેશે.

(૭) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૯) આ યોજનાને C.M. Dash Board સાથે Link કરવાની રહેશે.

(૧૦) સોશિયો ઇકોનોમિક ઇમ્પેક્ટ ઇવેલ્યુએશન/એસેસમેંટ કરવાનું રહેશે.

(૧૧) યોજનામાં લાભાર્થીને આપવામાં આવતા લાભ માટે DBT પધ્ધતિ અનુસરવાની રહેશે.

(૧૨) ગણવેશ સહાયનો નવો દર નવા શૈક્ષણિક સત્રથી જ અમલી બનશે.

(૧૩) આ યોજનાની અન્ય શરતો યથાવત રહેશે.

આ અંગેનો ખર્ચ અંદાજપત્ર માંગણી ક્રમાંક ૯૫, મુખ્ય સદર-૨૨૨૫, અનુસૂચિત જાતિઓ, આદિજાતિઓ, અન્ય પછાત વર્ગ કલ્યાણ, પેટા મુખ્ય સદર- ૦૧ અનુસૂચિત જાતિનુ કલ્યાણ, ગૌણ સદર ૨૭૭-શિક્ષણ, પેટા સદર (૧૭) SCW-8 સરકારી છાત્રાલયો અને આદર્શ નિવાસી શાળાઓ હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ ઠરાવ વિભાગની સમાન ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૩૧/૦૩/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડૉ.રાજેશ આર. બલદાણિયા)
ઉપસચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ રવાના:

- માન.મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ/રાજકોટ
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી (સા.ન્યા) સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી(અનુસૂચિત જાતિ), (નિયામકશ્રી (અજાક) મારફત)
- સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (પંચાયત), (નિયામકશ્રી (અજાક) મારફત)
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કમ્પ્યુટર સેલ-શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ વેબસાઇટ પર મૂકવા વિનંતી સહ.
- પસંદગી ફાઇલ ૨૦૨૨